:: સુરત મહાનગરપાલિકા ::
પ્રેસનોટ

''આઝાદીના અમૃત મહોત્સવ'' તથા દાંડી માર્ચની એનીવર્સરીની ઉજવણી અંતર્ગત 'દાંડીયાત્રા' કાર્યક્રમ

ભારતની આઝાદીના ૭૫–વર્ષ ''આઝાદીના અમૃત મહોત્સવ''ની ઉજવણી અને દાંડી માર્ચની ૯૧મી એનીવર્સરીની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત આયોજીત 'દાંડીયાત્રા' તા.૨૮/૩/૨૦૨૧ થી તા.૨/૪/૨૦૨૧ દરમ્યાન સુરત જીલ્લામાં આવેલ હતી. જે પૈકી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૧/૪/૨૦૨૧ અને તા.૨/૪/૨૦૨૧ દરમ્યાન છાપરાભાઠા, અમરોલી, ગજેરા સર્કલ–કાંસાનગર, કતારગામ, માન દરવાજા, ઉધના દરવાજા, ઉધના થઈ ડીંડોલી ખાતે પધારી હતી.

દાંડીયાત્રા તા.૦૨/૦૪/૨૦૨૧ના રોજ છાપરાભાઠાથી અમરોલી બ્રીજ થઈ ગજેરા સર્કલ– કાંસાનગર થી કતારગામ ફલાયઓવર બ્રીજ થઈ માનવધર્મ આશ્રમ, ગોતાલાવાડી ખાતે પધારી હતી. જયાં **ગોવાના માન.મુખ્યમંત્રીશ્રી ડો.પ્રમોદ સાવંત**, શાસકપક્ષના નેતા શ્રી અમિતસિંગ રાજપુત, અને પદાધિકારીશ્રી, અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં પદયાત્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પદયાત્રીઓને પ્રોત્સાહિત કરવા માટે ગોવાના મુખ્ય મંત્રીશ્રી ડો.પ્રમોદ સાવંત, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, શાસક પક્ષના નેતાશ્રી અમિતસિંગ રાજપૂત, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, મ્યુનિ.સદસ્યશ્રીઓ, ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાળા, નગરજનો માનવધર્મ આશ્રમ, ગોતાલાવાડી થી ઉધના દરવાજા, ઉધના ત્રણ રસ્તા સુધી દાંડીયાત્રામાં પગપાળા જોડાયા હતા.

દાંડીયાત્રા ઉધના દરવાજા એસ.બી.સેન્ટર, એપલ હોસ્પિટલની બાજુમાં સવારે ૯:૦૦ કલાકે ગોવાના માન.મુખ્યમંત્રીશ્રી ડો.પ્રમોદ સાવંત, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ અને પદાધિકારીશ્રીઓ, બાળાઓ અને નગરજનો દ્વારા પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉધના દરવાજાથી ખરવરનગર ફલાય ઓવર બ્રીજ થઈ સીટીઝન હાઈસ્કૂલ પહોંચી હતી. જયાં ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ તથા શાળાના હોદેદારો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉધના ત્રણ રસ્તા થઈ ડીડોંલી રેલ્વે ઓવરબ્રીજ થઈ ન.પ્રા.શાળા ક્રમાંક – ૨૫૭, ડીંડોલી મેઈન રોડ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે આગમન થયેલ. જયાં પદાધિકારીશ્રીઓ, બાળાઓ અને નગર જનો દ્વારા પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અત્રે ભોજન અને વિરામ લઈ દાંડીયાત્રા દેલાડવા ચાર રસ્તા, સણિયા–કણદે, ખરવાસાથી વાંઝ ગામ તરફ જવા પ્રસ્થાન કર્યુ હતું.

સમાચારયાદી નં.૧૧, તા.૦૨/૦૪/૨૦૨૧, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.